કેજરીવાલના અપહરણનું કાવતરૂ ઘડાયું

આઈબી તરફથી માહિતી મળ્યા બાદ સુરક્ષા વધારવામાં આવી



નવી દિલ્હી,તા.૧૯

આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહિદ્દીન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના અપહરણનું કાવતરું ઘરાવે છે. ગુપ્તચર સંસ્થા આઈબી દ્વારા આ પ્રકારની શંકા વ્યક્ત કરવામાં આવી છે. આજે આઈબી દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવ્યા બાદ કેજરીવાલની સુરક્ષા અચાનક વધારી દેવામાં આવી છે. જોકે કેજરીવાલે આ સુરક્ષા લેવાનો ઈન્કાર કરી દીધો છે. ગુપ્તચર સંસ્થા આઈબીના સુત્રોએ કહ્યું છે કે, ઈન્ડિયન મુજાહિદ્દીન કેજરીવાલની આસપાસ ખૂબ ઓછી સુરક્ષાને ધ્યાનમાં લઈને તેમના અપહરણનું કાવતરું ઘડી રહ્યું છે. એમ માનવામાં આવે છે કે, ભારતના હાથે ઝડપાયેલા યાસીન ભટકલને છોડાવવાના ઈરાદાથી આ કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. આઈબી દ્વારા માહિતી દિલ્હી પોલીસને આપી દેવામાં આવી છે. ત્યારબાદ તરત જ એડિશનલ સીપી કેજરીવાલને મળવા પહોંચ્યા હતા. એ વખતે કેજરીવાલ પાર્ટીની રાજકીય બાબતોની કમિટીની બેઠકમાં વ્યસ્ત હતા. સમગ્ર સ્થિતિ અંગે કેજરીવાલને માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ ઝેડ કેટેગરીની સિક્યોરિટીની ઓફર કરવામાં આવી હતી. આ ગાળા દરમિયાન કેજરીવાલની સુરક્ષા વધારી દેવામાં આવી છે. સુત્રોના જણાવ્યા મુજબ કેજરીવાલે વધારવામાં આવેલી સુરક્ષાને સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે. કેજરીવાલના આ વલણથી દિલ્હી પોલીસની મુશ્કેલી વધી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેજરીવાલ સોમવારથી દિલ્હી પોલીસના ત્રણ કર્મચારીઓને સસ્પેન્ડ કરવાની માંગણીને લઈને ધરણા ઉપર બેસવાની તૈયારી કરી રહ્યા છે. કેજરીવાલ હાલમાં જ દિલ્હી પોલીસની કામગિરીને લઈને કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે સમક્ષ રજુઆત પણ કરી ચુક્યા છે. દિલ્હી પોલીસ અને કેજરીવાલ સરકાર આમને સામને આવેલી છે.

ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજનો દાવો

લોકસભા ચુંટણીમાં કોંગ્રેસ પાર્ટીનો કારમો પરાજય થશે

નવી દિલ્હી,તા. ૧૯

ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજે પણ આજે રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં કોંગ્રેસની કારમી હાર થશે. પોતાના પીએમ પદના ઉમેદવાર જાહેર નહીં કરવા બદલ સુષ્મા સ્વરાજે કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, કોંગ્રેસ હારથી હતાશ છે. કોંગ્રેસને દહેશત છે જેથી પીએમ પદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા નથી. સુષ્માએ કહ્યું હતું કે, ચાર રાજ્યોમાં કોંગ્રેસની માત્ર ખરાબ રીતે હાર જ થઈ નથી બલ્કે તેના સુપડા સાફ થયા છે. વર્તમાન સમયમાં ભાજપ માટે સૌથી યોગ્ય સમય છે. પાંચ રાજ્યોમાં મળેલી જીતથી

ભાજપના કાર્યકરોમાં ખૂબ ઉત્સાહ છે. યુપીએ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, યુપીએ સરકાર ભ્રષ્ટાચારમાં ગળાડુબ છે. સરકારે સીએજી જેવી સંસ્થાઓને પણ નુકશાન પહોંચાડ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે, ૨૦૧૪ની ચુંટણીમાં ભાજપનો જ વિજય થશે. મોદીનો બચાવ કરતા કહ્યું હતું કે, મોદીને ગુજરાત રમખાણોમાં કોર્ટમાંથી ક્લીનચીટ મળી ચુકી છે છતાં કોંગ્રેસ મુદ્દો બનાવવા પ્રયાસ કરી રહી છે.

બીજી બાજુ પીએમ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, નવ વર્ષના ગાળામાં માત્ર મોંઘવારી અને ભ્રષ્ટાચારમાં વધારો થયો છે. રાહુલ ગાંધી પોતે સંસદમાં કેટલા દિવસ ઉપસ્થિત રહ્યા છે તેવો પ્રશ્ન કરતા સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે, સંસદ નહીં ચાલવા દેવાનો આક્ષેપ કરનાર કોંગ્રેસી નેતાઓએ રાહુલને જ આ પ્રશ્ન કરવો જોઈએ.

કાશ્મીરમાં ઘૂસણખોરી વધી શકે છે : અહેવાલ

જમ્મુ,તા.૧૯

જમ્મુ કાશ્મીરના સરહદી જિલ્લાઓમાં ઘૂસણખોરીના પ્રયાસો હજુ પણ થઈ રહ્યા છે. આતંકવાદીઓ જમ્મુ કાશ્મીરમાં ઘૂસણખોરી કરીને મોટાપાયે આતંક મચાવવાની તૈયારીમાં છે. સરંક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું છે કે પૂંચમાં એલઓસી નજીક ઘૂસણખોરીના પ્રયાસો થઈ રહ્યા છે. હાલમાં જ આ જગ્યા ઉપરથી ત્રણથી ચાર આતંકવાદીઓએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો જેને નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો હતો. ૧ ઉમી જાન્યુઆરીના દિવસે પણ એલઓસી ઉપર કૃષ્ણા ઘાટીમાં ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. બ્રિગેડ કમાન્ડર સ્તરની બેઠકમાં ભારતીય સૈનાએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને પાકિસ્તાની સૈના દ્વારા કરવામાં આવી રહેલા યુદ્ધ વિરામના ભંગ અને ત્રાસવાદીઓની ઘૂસણખોરી મુદ્દે જોરદાર રજૂઆત કરી હતી પરંતુ ઘૂસણખોરીના પ્રયાસો જારી રહ્યા છે. ગુપ્તચર સૂત્રોના જણાવ્યા મુજબ એલઓસીને પાર કરવાના પ્રયાસ હાલના દિવસોમાં વધારવામાં આવી શકે છે. પ્રજાસત્તાક દિવસની આસપાસ હિંસક પ્રવૃત્તિઓ અને આતંકવાદી હુમલાના પ્રયાસના હેતુસર ઘૂસણખોરી પ્રવૃત્તિ વધારવા માટે આતંકવાદીઓ પણ તૈયાર છે. આ ઉપરાંત પાકિસ્તાની સૈના યુદ્ધ વિરામનો ભંગ કરીને ત્રાસવાદીઓને મદદ કરવા માટે પણ તૈયાર દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૩માં આતંકવાદીઓએ ક્રોણીબદ્ધ વખત ઘૂસણખોરી કરી હતી.

કોંગ્રેસના ભ્રષ્ટાચાર સામે ટૂંકમાં જ તપાસ શરૂ થશે

નવી દિલ્હી,તા.૧૯

મુખ્યમંત્રી બન્યા બાદ અરવિંદ કેજરીવાલે પોતાની પ્રથમ મુલાકાતમાં કહ્યું છે કે દિલ્હીમાં કોંગ્રેસની અગાઉની શિલા દિક્ષીતની સરકાર દરમિયાન થયેલા કૌભાંડોની તપાસ થોડાક દિવસમાં જ શરૂ થઈ જશે. તેમણે કહ્યું હતું કે કોમલવેલ્થ ગેમ્સ અને દિલ્હી જળબોર્ડના પ્રોજેક્ટો સાથે જોડાયેલી ફાઈલોમાં અભ્યાસની પ્રક્રિયા ચાલી રહી છે. કોમનવેલ્થ કૌભાંડની તપાસ સીબીઆઈ દ્વારા કરવામાં આવી રહી છે પરંતુ દિલ્હી સરકાર પણ પોતાની ભ્રષ્ટાચાર વિરોધી યુનિટ દ્વારા આમા તપાસ કરાવશે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે તપાસમાં ધીમી ગતિ ચાલી રહી છે. કારણ કે ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોના અધિકારીની ઈમાનદારી ઉપર પણ પ્રશ્નો ઊઠી રહ્યા છે. બ્યુરોની સમગ્ર ટીમને બદલવા માટે ઉપરાજ્યપાલને પત્ર લખીને જાણ કરવામાં આવી છે. બ્યુરોના તમામ પાંચ મોટા અધિકારીઓને બદલી દેવામાં આવશે. દિલ્હી પોલીસના ઈમાનદાર અને મહેનતી અધિકારીની એક લિસ્ટ બનાવવામાં આવી છે. આ તમામને બ્યુરોમાં સામેલ કરીને મજબૂત બનાવવામાં આવશે. વિપક્ષનો આક્ષેપ છે કે કોંગ્રેસ સાથે સાંઠગાંઠ થવાના કારણે કાર્યવાહી કરવામાં આવી રહી નથી. આ અંગે પૂછવામાં આવતા કેજરીવાલે કહ્યું હતું કે આવું કોઈ કારણ નથી. જ્યારે કોંગ્રેસી લોકોની સામે કેસ દાખલ થશે ત્યારે વાસ્તવિકતા સમજાશે. કોંગ્રેસ ફસાવવાના પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ દ્વારા ગૂંચવણભરી સ્થિતિ સર્જવામાં આવી રહી છે. સરકાર ચલાવવામાં અમે સક્ષમ નથી તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના સમર્થનથી સરકાર બનાવ્યા બાદ કેજરીવાલે કહ્યું હતું કે અમે દરેક દિશામાં આગળ વધી રહ્યા છીએ પરંતુ હજુ નક્કર પરિણામો મેળવવામાં સમય લાગી શકે છે. કારણ કે વ્યવસ્થાને યોગ્ય કરવામાં આવી રહી છે.

જાતીય સતામણી કેસ : ટૂંકમાં ચાર્જશીટ દાખલ કરી દેવાશે

પણજી,તા.૧૯

ગોવા પોલીસ જાન્યુઆરીના અંત સુધી તહેલકાના સ્થાપક એડિટર તરૂણ તેજપાલને આવરી લેતા જાતીય સતામણી કેસમાં ચાર્જશીટ દાખલ કરે તેવી શક્યતા છે. એક અધિકારીએ આજે આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, ગોવા પોલીસ તપાસને લઈને ઝડપથી આગળ વધી રહી છે. આ કેસમાં તપાસ હવે અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. ક્રાઈમબ્રાંચના અધિકારીએ કહ્યું હતું કે, અમે હવે તેજપાલ પાસેથી કબ્જે કરવામાં આવેલા ગેજેટના ફોરેન્સિક રિપોર્ટ માટેની રાહ જોઈ રહ્યા છીએ.

આ મહિનાના અંત સુધી ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવશે. તપાસ દરમિયાન ક્રાઈમબ્રાંચના અધિકારીઓને મોબાઈલ, લેપટોપ મળ્યા હતા. તેજપાલના મોબાઈલ અને લેપટોપ પણ કબ્જે કરાયા હતા. ગુનો બન્યા બાદ દૂરસંચારના ભાગરૂપે મોબાઈલ અને લેપટોપનો ઉપયોગ થયો હોવાનો આક્ષેપ પોલીસ કરી રહી છે. અત્રે નોંધનીય છે કે, જીલ્લા અને સેશન કોર્ટ દ્વારા તેમની આગોતરા જામીન અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ ગોવામાં ૩૦મી નવેમ્બરના દિવસે ૫૦ વર્ષીય તેજપાલની ધરપકડ કરી લેવામાં આવી હતી. તહેલકા મેગેઝિનના ભૂતપુર્વ જુનિયર મહિલા પત્રકારે આક્ષેપ કર્યો હતો કે, તેજપાલે ગયા વર્ષે એક ઈવેન્ટ દરમિયાન ફાઈવ સ્ટાર હોટલની લિફ્ટમાં તેની સાથે જાતીય છેડછાડ કરી હતી.

સુનંદા-શશી થરૂરની વચ્ચે રોજ ઝઘડા થઈ રહ્યા હતા

નવી દિલ્હી, તા.૧૯

સુનંદા પુષ્કરના રહસ્યમય સંજોગોમાં મોતને લઈને કોઈ કડી હજુ હાથ લાગી રહી નથી પરંતુ નવી નવી વિગતો ચોક્કસપણે સપાટી ઉપર આવી રહી છે. કેન્દ્રીય મંત્રી શશી થરૂર અને સુનંદા વચ્ચે વારંવાર લડાઈ ઝઘડા થતાં હોવાની વિગતો હવે સપાટી ઉપર આવી છે. હોટલમાં પણ તેમની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હોવાનું જાણવા મળ્યું છે. જો કે આ સંદર્ભમાં વધારે વિગતો હાથ લાગી રહી નથી. સુનંદા મામલામાં પોલીસ પોતાની રીતે તપાસ ચલાવી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા થોડાક દિવસમાં બંને વચ્ચે અનેક વખત લડાઈ-ઝઘડા થયા હતા. પહેલાં તેઓ દિલ્હી આવી રહેલી ફ્લાઈટમાં તમામ યાત્રીઓની સામે લડી પડ્યા હતા. ત્યારબાદ એ હોટલમાં પણ તેમની વચ્ચે ખેંચતાણ થઈ હતી જ્યાં બંને રોકાયા હતા. આ મામલામાં પોલીસ અને એરપોર્ટના સૂત્રોએ કહ્યું છે કે થિરુવનંતપુરમથી દિલ્હી આવતી વેળા બંને વચ્ચે ફ્લાઈટમાં લડાઈ-ઝઘડો થયો હતો. દિલ્હી એરપોર્ટ પર

ઉતર્યા બાદ ટર્મીનલ-૩માં બોલાચાલી થઈ હતી. અહીં સુનંદાએ આશરે અડધા કલાક સુધી પોતાને વોશરૂમમાં બંધ કરી દીધી હતી. આ ગાળા દરમિયાન શશી થરૂર બહાર તેમનો ઈંતજાર કરતા રહ્યા હતા. મોડે સુધી પણ બહાર ન આવતા શશી થરૂર નારાજ થઈને જતા રહ્યા હતા. પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે શશી થરૂર પોતાના પત્ની સુનંદા સાથે બુધવારે થિરુઅનંતપુરમથી દિલ્હી આવ્યા હતા. ફ્લાઈટમાં માહિતી અને પ્રસારણ પ્રધાન મનીષ તિવારી પણ હતા. દિલ્હીમાં વિમાન ઉતરે તે પહેલાં જ થરૂર અને સુનંદા વચ્ચે કોઈ વાતને લઈને ખેંચતાણ હતી. લડાઈ ઝઘડાનું કારણ પાકિસ્તાની પત્રકાર મેહર તરારને લઈને ટ્વીટર ઉપર મચેલા હોબાળાને ગણવામાં આવે છે. તમામ પેસેન્જરો પણ આનાથી આશ્ચર્યચકિત થઈ ગયા હતા. મામલો હાઈપ્રોફાઈલ હતી જેથી આની માહિતી વિમાનના ક્રુમેમ્બર સહિત પાઈલોટને પણ થઈ ગઈ હતી. પરંતુ ક્રુમેમ્બરો તરફથી વિવાદને ઉકેલવાના પ્રયાસ થયા ન હતા. કેટલાક વીઆઈપી લોકોએ દરમિયાનગીરી કરી હતી. એરપોર્ટના સૂત્રોએ કહ્યું છે કે ફ્લાઈટ ઉતર્યા બાદ સુનંદા ખૂબ જ નારાજ હતી. થરૂર વારંવાર મનાવવાના પ્રયાસ કરી રહ્યા હતા પરંતુ સુનંદા તેમની વાત માનવા તૈયાર ન હતી. દરમિયાન સુનંદા ટર્મીનલ-૩ની અંદર વોશરૂમમાં જતી રહી હતી. મોડે સુધી બહાર નહીં આવતા શશી થરૂરે તેમને બોલાવી હતી પરંતુ કોઈ જવાબ મળ્યો ન હતો. થોડાક સમય ઈંતજાર કર્યા બાદ થરૂર ત્યાંથી જતા રહ્યા હતા. ગુરુવારે સવારે થરૂર અને સુનંદા દક્ષિણ દિલ્હીની ફાઈવ સ્ટાર હોટલ લીલામાં પહોંચ્યા હતા. ઘરે અન્ય કામગીરી ચાલી રહી હતી જેથી બંને રોકાયા ન હતા. બંને વચ્ચે હોટલમાં પણ લડાઈ ઝઘડા થયા હતા. હોટલના સ્ટાફની પૂછપરછ કરવામાં આવી છે. સુનંદાના શરીર ઉપર ઈજાના જે નિશાન મળ્યા છે તે હત્યા તરફ ઈશારા કરતા નથી પરંતુ એમ માનવામાં આવે છે કે પતિ-પત્ની વચ્ચે મારામારી પણ થતી હતી. શુક્રવારે બપોરે ૩.૩૦ વાગે સુનંદાને અંતિમ વખત જોવામાં આવી હતી.

સની દેઓલનો પુત્ર કરણ એન્ટ્રી કરવા માટે તૈયાર

સની દેઓલના પુત્ર કરણ દેઓલ પણ બોલિવૂડમાં એન્ટ્રી કરવા માટે સજ્જ થઈ ચૂક્યો છે. કરણે તાજેતરમાં જ યમલા પગલા-૨માં સહાયક નિર્દેશક તરીકેની ભૂમિકા અદા કરી હતી. એ ગાળા દરમિયાન સની દેઓલે કહ્યું હતું કે તે ફિલ્મની દુનિયા અંગે નાની નાની ચીજો શીખી રહ્યો છે. હવે તે બોલિવૂડમાં એન્ટ્રી કરવા માટે સજ્જ થઈ ચૂક્યો છે. આદિત્ય ચોપડા કરણ દેઓલને પોતાના બેનર હેઠળ લોન્ચ કરવાની તૈયારી પહેલાથી જ કરી ચૂક્યા છે. તેઓ કરણ દેઓલને કોઈપણ પ્રકારના કરારમાં રાખવા માટે ઈચ્છુક નથી. યશરાજ સાથે કેરિયર શરૂ કરનાર મોટાભાગના કલાકારોને ઓછામાં ઓછી ત્રણ ફિલ્મો કરવી પડે છે. સની દેઓલ અને યશરાજ ફિલ્મના સંબંધો લાંબાગાળાથી સારા રહ્યા નથી. વર્ષ ૧૯૯૩માં ડર નામની ફિલ્મ વેળા બંને વચ્ચે સંબંધ ખરાબ થઈ ગયા હતા.

રસ્તે રઝળતી... (ચોથા પાનાનું ચાલું...)

મિજાજી રાજાએ છ પત્નીઓ કરેલી જેમાંથી બેને છૂટાછેડા આપેલા અને બે ને ફાંસીએ લટકાવેલી!

ડિવોર્સના આ તમામ કિસ્સા દુનિયાના સૌથી વધુ ચર્ચિત અને સૌથી વધુ વિવાદાસ્પદ કિસ્સાઓ છે. જો કે આ યાદી હજી લાંબી થાય તેમ છતાં જે કેટલાક કિસ્સાઓનો ઉલ્લેખ અનિવાર્ય છે તેમાં સલમાન રશ્દીના પદ્મલક્ષ્મી સાથેના અને અન્ય લોકો સાથેના ડિવોર્સ, નેલ્સન મંડેલાના ડિવોર્સ, નિકોલસ સરકોઝીના ડિવોર્સ, વગેરેનો સમાવેશ કરવો પડે.

આ તમામના સારરૂપે એટલું કહેવાય કે ડિવોર્સ એ સાવ અંગત બાબત છે અને સામાજિક રીતે તે અણગમતી કે નકારાત્મક બાબત ગણાય છે તે સૌ જાણતા હોવા છતાં આવા કિસ્સા શોધો તો આખપ અલગ ઈતિહાસનું એક પુસ્તક લખાય તેમ છે.

● પોલ મેકાર્ની અને હિથર મિલ્સ

૨૦૦૬માં થયેલા આ ડિવોર્સ વિશ્વના સૌથી મોંઘા જ નહીં બલ્કે સૌથી વિવાદાસ્પદ ઊહાપોહ મચાવનાર ડિવોર્સ છે. પોલ મેકાની અને હિથર મિલ્સનું લગ્નજીવન માત્ર ચાર જ વર્ષ ચાલેલું અને તેની ખાસિયત એ હતી કે એ અગાઉ ચર્ચામાં રહ્યું એટલું જ ડિવોર્સ માટેનો કેસ ચાલુ હતો તે દરમિયાન ખાસ્સી ચર્ચા જામેલી તેનું કારણ એ હતું કે હિથરે પોલ પર કેટલાક ગંભીર અને વિવાદાસ્પદ કહેવાય તેવા આક્ષેપો કરેલા અને પોલના વકીલ પર ઠંડુ પાણી ભરેલી ડોલ ઊંધી વાળી હતી. આ ઉપરાંત પોલ હિથરને ૪૬.૬ મિલિયન ડોલર્સ મુકવવા પડેલા.

● પ્રિન્સ ચાર્લ્સ અને પ્રિન્સેસ ડાયના

૧૯૮૧માં થયેલા પ્રિન્સ ચાર્લ્સ અને પ્રિન્સેસ ડાયનાના લગ્ન તે સમયના સૌથી મોંઘા જ નહીં બલકે સ્વપ્નવત્ લગ્ન હતા. ડાયના પ્રિન્સેસ બનવાના સપના સાથે પ્રિન્સ ચાર્લ્સના પ્રેમમાં પડેલી. અને પછી પરણી હતી. જ્યારે ચાર્લ્સ તેના કરતા બમણી ઉંમરનાં હતા. આ બધા કારણોસર ૧૧ વર્ષના લગ્નજીવન પછી ૧૯૯૨માં તેઓ અલગ થયા. અને ૧૯૯૬માં તેમણે કાયદેસર ડિવોર્સ મળ્યા. આનું કારણ બંનેના એકસ્ટ્રા મેરિટલ અફેર્સને મળેલી હાઈ પબ્લિસીટીને ગણવામાં આવે છે. આ કાયદેસરના ડિવોર્સ પછીના એક વર્ષમાં ડાયના રહસ્યમય કાર અકસ્માતમાં મૃત્યુ પામી. તાત્કાલિક કારણ તો પાપારાઝી પત્રકારત્વને ગણવાયેલું પણ સાચા કારણ અંગેનો વિવાદ તો આજે પણ ચાલે છે!

● ઊપસંહાર

આ કિસ્સાઓ પર નજર કરતા એ બાબત સાબિત થાય છે કે આ ડિવોર્સ તો અંગત રીતે અને નાણાકીય રીતે પણ મોંઘા પડે તેમ છે. તેથી આ રામાયણમાં ઝાઝા ઊંડા ઉતરવા જેવું નથી.

(સૌજન્ય : 'આરપાર')

ઈન્ફોસીસ કંપનીમાં એલઆઈસીની હિસ્સેદારીમાં થયેલો ઘટાડો

નવી દિલ્હી,તા.૧૯

મહાકાય વીમા કંપની એલઆઈસીએ મહત્વપૂર્ણ પગલું લઈને આઈટીની મોટી કંપની ઈન્ફોસીસમાં તેની હિસ્સેદારી ઘટાડી છે. એલઆઈસીએ ૨૬૦૦ કરોડ રૂપિયાના શેર વેચી દીધા હોવાનું જાણવા મળ્યું છે. શેરબજારમાં સૌથી મોટા સંસ્થાકીય મૂડીરોકાણકારે જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળા દરમિયાન ઈન્ફોસીસમાં માર્કેટ હિસ્સેદારી ૪.૯૫ ટકા રાખી હતી. હવે ૩૧ ડિસેમ્બરના આંકડા મુજબ આ હિસ્સેદારી ઘટીને ૩.૭૧ ટકા થઈ ગઈ છે. ઈન્ફોસીસમાં એલઆઈસીની હિસ્સેદારીમાં બીજા સતત ત્રિમાસીક ગાળામાં ઘટાડો થયો છે. એપ્રિલ-જૂનના ત્રિમાસિક ગાળા દરમિયાન દેશની બીજી સૌથી મોટી સોફ્ટવેર સર્વિસ નિકાસકાર કંપનીમાં એલઆઈસીની હિસ્સેદારી ૬.૭૨ ટકા હતી.

આ પહેલાં એલઆઈસીની હિસ્સેદારી ઈન્ફોસીસમાં ૫.૯૬ ટકા હતી. આ બાબતને ધ્યાનમાં લઈને ઈન્ફોસીસના શેરની વર્તમાન માર્કેટ વેલ્યુમાં ૧.૨૪ ટકાનો ઘટાડો થયો છે. કંપનીમાં એલઆઈસીની હિસ્સેદારી ૨૬૫૦૦ કરોડની રહેશે. ઈન્ફોસીસના શેરની કિંમતમાં છેલ્લા ૧૦ મહિનાના ગાળામાં ભારે ઊથલ પાથલ થઈ છે. તેના શેરની રેન્જ ૨૨૦૦થી ૩૭૬૦ વચ્ચે રહી છે. શુક્રવારના દિવસે ઈન્ફોસીસના શેરની કિંમત પર સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ ૩૭૨૮ની સપાટીએ રહી હતી. છેલ્લા થોડાક મહિનામાં ઈન્ફોસીસે સિનીયર લેવલના કારોબારીઓમાં ફેરફાર કર્યા છે. આઠ હાઈ પ્રોફાઈલ કારોબારીઓની હકાલપટ્ટી થઈ છે. નારાયણ મૂર્થિ જૂનમાં પરત ફર્યા હતા. ત્યારબાદથી સ્થિતિ સતત મજબૂત બની છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ તેમની હિસ્સેદારી વધારી છે ત્યારે એલઆઈસીએ તેના શેર વેચવાની તૈયારી કરી છે.

સમાજ ચિંતન (ચોથા પાનાનું ચાલું...)

તેની સમક્ષ હવે જીવનની કોરી કિતાબ હતી. નવા અધ્યાયની શરૂઆત કરવાની હતી. ના હતી શાહી કે ન હતી કલમ... તેને જીવનની વાસ્તવિકતા સમજાઇ, પ્રત્યેક પ્રેમ સંગીન હોય છે, રંગીન હોય છે પણ પ્રત્યેક પ્રેમ ભવ્ય બનતા નથી પ્રત્યેક પ્રેમના ઇતિહાસ લખાતા નથી. માધવી પતિથી અલગ રહેવા લાગી. પોતાના બાળકોની જિંદગી પર અંધકારનો ઓછાયો ન પડે અને પિતાની ખોટ ન સાલે તેમ બેવડી ભૂમિકા તેને નીભાવાની હતી, પણ સ્ત્રી સામે પડકાર આવે ત્યારે તે દુરગાનું સ્વરૂપ ધારણ કરે છે અને ગમે તેવી મુશ્કેલીઓ સામે બાથ ભીડવાની તેમનામાં કુદરતી શક્તિ આવે છે. હિંમતભેર તેણે કેડી કંડારવા લાગી. તેણે જીવનનો માર્ગ નક્કી કરી લીધો હતો અને ત્યાંજ એક દુર્ઘટના બની. પોતાના પૂર્વ પતિ મયુરનું કાર અકસ્માતમાં નિધન થયું. જોકે કોર્ટ રાહે તે મયુરથી અલગ થઇ ગઇ હતી છતાં તેનો પૂર્વ પ્રેમી હતો તેના હૃદયને આંચકો જરૂર લાગ્યો. પણ તે ઘા તેણે સહન કરી લીધો. પણ મયુરના આકસ્મિક અવસાનથી મયુરના પિતાને એટેક આવ્યો... મયુર એકનો એક દીકરો હતો... મયુરના પિતા જનકરાયને હોસ્પિટલમાં દાખલ કર્યા. આ સમાચાર મળતાં જ માધવી સંસ્કારનો દીપ પ્રજ્વલી ઉઠ્યો. એના ભીતરમાં સંસ્કારે પોકાર કર્યો 'માધવી... ખરાબ કામો કરવાની તક તો પળે પળે મળે પણ સત્કાર્ય કરવાનો મોકો તો ભાગ્યે જ મળે છે. આ તકનો ઉપયોગ કરવો એનું નામ જ ખાનદાની. માધવીની ખાનદાની પર પડેલી ધૂળ ઉડી ગઇ અને તે પોતાના બંને બાળકોને લઇ તે સીધી હોસ્પિટલે પહોંચી ગઇ અને ખડે પગે સસરાની સેવા કરવા લાગી. મારા પતિના પપ્પા એ મારા પણ પપ્પા છે. જિંદગીમાં એકાદવાર થયેલી ભૂલ માટે માણસ કાયમ ગુનેગાર નથી બની જતો. તેણે પપ્પાને માથે હાથ મુકી કહ્યું, પપ્પા આજથી મને તમારો દીકરો માનજો... અને જનકરાય વિસ્ફારિત નયને પુત્રવધુ સામે જોઇ રહ્યા. જાણે જબાન સીવાઇ ગઇ, પણ આંખોએ જવાબ આપી દીધો... અશ્રુધારા વહાવીને... એ અશ્રુ પશ્ચાતાપના હતા... પુત્રવધુની ખાનદાનીએ સમજવામાં હું કેમ ભૂલો પડ્યો?'

સમાચાર ઝલક

- **ઉચ્ચતર શિક્ષણ અભિયાન કાર્યક્રમ માળખું સુધારવા માટે દેશના કોઇ પણ રાજ્યે દરખાસ્ત ન કરી.**
- **૧૭ કરોડ બાળકોને પોલિયો પલ્સના ટીપાં પીવડાવવામાં આવ્યા.**
- **ઉત્તરપ્રદેશમાં વરસાદથી ઠંડીનું જોર વધ્યું, ૧૦થી વધુ વ્યક્તિઓનાં મોત.**
- **જામનગરના નાયબ મામલતદાર લાંચ લેતાં પકડાયા, તેમના નિવાસસ્થાનેથી ૧૮ લાખની બેનામી સંપત્તિ મળી.**
- **મહારાણા પ્રતાપની પુણ્યતિથિએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પુષ્પ અર્પણ કર્યા.**
- **વિરાટ કોહલીએ વન-ડે મેચમાં સદી ફટકારી છતાં ન્યુઝીલેન્ડ સામે ભારત હાર.**
- **અંબાજીમાં ડાક પાર્સલ વાનમાંથી ૨૦ લાખનો દારૂ પકડાયો.**
- **એન્કાઉન્ટર આરોપી પોલીસ અધિકારી અમીનની તબિયત લથડતાં જેલમાંથી હોસ્પિટલમાં દાખલ કરાયા.**
- **રાજકોટમાં શ્વાન મેળો યોજાયો.**
- **દિલ્હી જલસેવા બોર્ડનાં ૧૮ ઇજનેરોને કેજરીવાલે સસ્પેન્ડ કર્યા.**
- **અરવિંદ કેજરીવાલ સામે દિલ્હીમાં દેખાવો યોજાયા.**
- **૨૦૧૩ રોજગારી આપવામાં તમામ ક્ષેત્રોમાં પીછેહઠ થઇ.**
- **પાકિસ્તાનમાં સેના પર હુમલો થતા ૨૦ સૈનિકોનાં મોત.**
- **વાઘા સરહદેથી ભારત-પાકિસ્તાન વચ્ચે વેપાર ૨૪ કલાક ચાલુ રહેશે.**
- **તુર્કસ્તાનમાં સરકાર વિરોધી દેખાવો.**
- **ઇન્ડોનેશિયામાં પુરથી ભારે તારાજી સર્જાઇ.**
- **બ્રાઝિલમાં યોજાનાર વર્લ્ડકપ સુરક્ષામાં સજ્જ કરવામાં આવી.**